# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનઃ ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સઃ ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮ 95 તારીખઃ 24 MAY 2018

રજી.એ.ડી દ્વારા

પ્રતિ,

નારણ પેથા કાનાણી,

પૂર્વ વાડી વિસ્તાર,

નાની ભુજપુર તા.મુન્દ્રા –કચ્છ.

વિષય :– કેસ નંબર પીજી/૦૧ /૦૦૧/ ૨૦૧૮-૧૯

સંદર્ભઃ– આપની અરજી પીજી/૦૧ /૦૦૧/ ૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી

(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી, મુન્દ્રા-૧ પેટાવિભાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

ગ્રાહક તકરાર નિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ ૧૫ તારીખ: 24 MAY 2018

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-001-2018-19.**

અરજદાર: શ્રી નારણ પેથા કાનાણી,
ગામ નાની ભુજપુર તા: મુન્દ્રા જી. કચ્છ

રજૂઆત કરનાર: શ્રી નારણ પેથા કાનાણી,

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
રજૂઆત કરનાર: એ એસ ગુરવા, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી,માંડવી

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
3) શ્રી એ એસ માંડલિયા, મેમ્બર ટેક

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હોલ, પીજીવીસીએલ.,વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૦૪.૦૫.૨૦૧૮

::અરજદારની રજૂઆત::

૧.૦ અરજદાર શ્રી નારણ પેથા કાનાણી એ ગ્રાહક નં. ૩૮૭૪૪/૦૦૦૮૬/3 વાળું વીજ કનેક્શન પાવર સપ્લાય ચાલુ કરવા તેમજ નામ બદલી માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની વિગત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી નારણ પેથા કાનાણી દ્વારા ગામ વિરણીયાનું ના રે.સ.નં જુના ૨૨૩/૨ અને નવા ૩૪૧



Scanned by CamScanner

ગ્રાહક નં. ૩૮૭૪૪/૦૦૦૮૬/૩ વાળું વીજ કનેક્શન કે જે હરશી આતુ ના નામે હતું તે હરશી આતુ પાસેથી રજી.દસ્તાવેજ નં૩૦૪૯ તા ૨૫/૦૪/૨૦૧૨ થી વેચાણે લીધેલ છે.

૧.૩ સદર વીજ કનેક્શન પેટે બાકી નીકળતી લેણાની રકમ રૂ.૧૦,૦૦૦/- રસીદ નંબર ૮૨૪૫૭૮ તા.૦૯ /૦૩/૨૦૧૮ તેમજ રી-કનેક્શનના રૂ.૨૦૦/- રશીદ નંબર ૮૨૪૫૭૯ તા..૦૯/૦૩/૨૦૧૮ અરજદાર શ્રી નારણ પેથા કાનાણી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ છે.

૧.૪ મુન્દ્રા સબડીવીઝન દ્વારા પત્ર નં.મુન્દ્રા-૧સ.ડી./બીલીંગ/૨૦૧૮/૧૪૦૨ તા.૨૦/૦૩/૨૦૧૮ થી હરશી આતુ મહેશ્વરી નું ગામ લાખાપર મધ્યે ગ્રાહક નં. ૩૮૭૧૭/૧૦૦૩૮/૦ વાળા વીજ જોડાણના રૂ.૧,૨૩૧૭૨ .૭૦ભરપાઈ ન થાય ત્યાં સુધી ગામ વિરણીયાનું ગ્રાહક નં. ૩૮૭૪૪/૦૦૦૮૬/૩ વાળું વીજ કનેક્શન ચાલુ કરી શકાય નહિ એમ જણાવવામાં આવેલ છે.

૧.૫ અરજદાર શ્રી નારણ પેથા કાનાણી દ્વારા હરશી આતુ મહેશ્વરી નું ગામ વિરણીયાનું ગ્રાહક નં. ૩૮૭૪૪/૦૦૦૮૬/૩ વાળું વીજ કનેક્શન વેચાણે લીધેલ હોઈ, ગામ લાખાપર મધ્યે ગ્રાહક નં. ૩૮૭૧૭/૧૦૦૩૮/૦ વાળા વીજ જોડાણની બાકી રકમ સાથે સદર કનેક્શનને લેવાદેવા ન હોઈ સદર વીજ કનેક્શન ચાલુ કરાવી આપવા તેમજ નામ બદલી માટે ગ્રાહક.તકરાર સમક્ષ અરજી કરેલ છે.

## :: <u>પીજીવીસીએલની રજુઆત</u>::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી એ એસ ગુરવા કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદાર શ્રી હરશી આતુ હરીજન નું ખેતીવાડી કનેક્શન મુન્દ્રા-૧ પેટા વિભાગમાં આવેલ છે જેના ગ્રાહક નંબર ૩૮૭૪૪/૦૦૦૮૬/૩ છે.

૨.૨ અરજદારશ્રી ના ગ્રાહક નંબર ૩૮૭૪૪/૦૦૦૮૬/૩ વાળા વીજ જોડાણ ના બીલ ની રકમ તા.૦૭/૦૬/૨૦૧૭ થી બાકી હતા જે બીલની રકમ ચેકથી તા ૧૨/૦૩/૧૮ ના રોજ રશીદ નં ૮૨૩૪૯૮ થી ભરપાઈ કરેલ જે ચેક બેંકમાંથી પરત આવવાને કરણે (ચેક રીટર્ન )તા.૧૨/૦૩/૧૮ના રોજ મુન્દ્રા-૧ પેટા વિભાગીય કચેરીના આઉટ વર્ડ નં.૧૧૭૮ થી ઉપરોકત ગ્રાહકશ્રી નો ડીસ્કનેશન ઓર્ડર આપવામાં આવેલ.

૨.૩ અરજદારશ્રીએ તા.૧૯/૦૩/૨૦૧૮ ના દિને પરત થયેલ ચેક ના નાણા રશીદ નં ૮૨૪૫૭૭-૭૮-૭૯થી ભરપાઈ કરેલ.

૨.૪ અરજદાર શ્રી નો ઉપરોક્ત ખેતીવાડી કનેક્શનનો રી કનેક્શન ઓર્ડર કાઢતા સમયે દયાનમાં આવેલ કે સદર ગ્રાહકશ્રીનું લાખાપર ગામ મધ્યે તે જ નામનું એટલે કે શ્રી હરશી આતુ હરીજનના નામનું ખેતીવાડીનું વીજ જોડાણ જેના નં ૩૮૭૧૭/૧૦૦૩૮/૭ વાળું અન્ય વીજ જોડાણ આવેલ છે.જેના વીજ બીલની રકમ લાંબા સમયે થી ભરવાની બાકી છે.જેની રકમ રૂ.૧,૨૩.૨૨૬.૭૦ છે.



Scanned by CamScanner

૫ જેના કારણે સદર વીજ જોડાણ ચાલુ કરતા પહેલા અરજદાર શ્રી ને જાણ કરવામાં આવેલ કે ખેતીવાડીવીજ જોડાણ નં.૩૮૯૧૭/૧૦૦૩૮/0 વાળો પણ શ્રી હરશી આતુ હરિજનનું હોતા સદર વીજ જોડાણની રકમ ભરપાઈ થયે ચાલુ કરી શકાશે,એવી જાણ કરતો પત્ર અરજદારશ્રીના પ્રતિનિધિ ને રૂબરૂમાં આપેલ જેના મુન્દ્રા-૧ પેટા વિભાગીય કચેરીના આઉટ વર્ડ નં.૧૫૦૨, તા.૨૦/03/૨૦૧૮ના છે.

૨.૬ અરજદારશ્રીના પ્રતિનિધિ દ્વારા રજી.એ.ડી. થી રજી.એડીનં –તા ૨૭/03/૨૦૧૮ RG3791436161N નામ બદલીની અરજી મુન્દ્રા પેટા વિભાગ -૧ ની કચેરીએ મળેલ છે.

૨.૭ અરજદારશ્રી નારણ પેથા કાનાણી ને તા.૨૩/૦૪/૨૦૧૮ આઉટ વર્ડ નં મુન્દ્રા-૧/સ.ડી/બીલીંગ /૨૦૧૮/૨૩૮૬,રજી.એડી થી ગ્રાહકનં ૩૮૭૪૪/000૮૬/3 નામે શ્રી હરશી આતુ હરીજન વાળા વીજ જોડાણનું નામ બદલીની કામગીરી ન થઇ શકવાના કારણ દર્શાવી પત્ર પાઠવવામાં આવેલ છે.

૨.૮ અરજદારશ્રી ના વીજ જોડાણના ગ્રાહક નં.૩૮૭૧૦/૧૦૦૩૮/૭ નામે શ્રી હરશી આતુ મહેશ્વરીને બાકી બીલ ના નાણા ભરપાઈ કરવા વારંવાર ટેલીફોનીક જાણ કરવા છતાં આજદિન સૂધી સદર નાણાં ભરપાઈ થવા પામેલ નથી. ૩૮૭૧૭/૧૦૦૩૮/0 વાળા વીજ જોડાણ પેટે તા.૨૮/0૬/૨૦૧૭ રશીદ નં WK૮૮૮૫૮૧ થી ભરપાઈ થયેલ જે રીટર્ન થયેલ જેના કારણે સદર વીજ જોડાણ ટેમ્પરરી ડીસ્કનેકટ થયેલ છે.

૨.૯ અરજદારશ્રી ના વીજ જોડાણના ગ્રાહક નં.૩૮૭૧૦/૧૦૦૩૮/0 નામે શ્રી હરશી આતુ મહેશ્વરી વીજ જોડાણ ના નાણાં ૨૪/૧૧/૨૦૧૪ રૂ.૧૩,૧૦૦/- ત્યારબાદ તા.૧૩/03/૨૦૧૭ રશીદ નં ૪૩૦૬૪૫ રૂ.૬૦,000/- અને ૨૯/0૯/૨૦૧૭ રશીદ નં WK૮૮૮૫૮૧ ચેકથી ભરપાઈ થયેલા પરંતુ સદર બંનેચેક રીટર્ન થયેલ છે.

૨.૧૦ અરજદારશ્રી ના વીજ જોડાણના ગ્રાહક નં.૩૮૭૧૦/૧૦૦૩૮/0 નામે શ્રી હરશી આતુ મહેશ્વરી ના બીલના નાણાંલાંબા સમયથી ભરપાઈ થયેલ નથી.જેના કરને તા.0૭/0૪/૨૦૧૮ ના દિને આ વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે .

**::હુકમ::**

3.0. ફરીયાદી કે તેમના પ્રતિનિધિશ્રી તારીખ ૦૪.૦૫.૨૦૧૮ના રોજની બેઠકમાં હાજર રહેલ નહિ કે મુદત મળવા બાબત કોઈ રૂબરૂ કે લેખિત અરજી ફોરમ સમક્ષ કરેલ નહિ, આમ છતાં ન્યાયના હિતમાં ફરિયાદીની અરજીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૩.૧ અરજદાર શ્રી નારણ પેથા કાનાણી ગ્રાહક નં ૩૮૭૪૪/000૮૬/3 શ્રી હરશી આતુ હરીજન નામવાળું વીજ જોડાણ ધરાવે છે સદર ગ્રાહક નં ના બીલની રકમ ની ભરપાઈ કરવા માટે અરજદારે તા.૧૨/03/૨૦૧૮ના રૂ.10,000/- ચેક થી નાણાં ભરપાઈ કરેલ પરંતુ સદર ચેક રીટર્ન થતાં તેઓએ તા.૧૯/03/૨૦૧૮ ના નાણાં ભરપાઈ કરેલ તેમજ વીજ જોડાણ ટેમ્પરરી ડીસ્કનેશન થવાથી રી કનેક્શનના નાણાં રશીદ નં WK૮૨૪૫૭૭ ભરપાઈ કરેલ.પીજીવીસીએલ દ્વારા સદર અરજદારને રી કનેક્શન એ જણાવી ન કરેલ ૩૮૭૧૭/૧૦૦૩૮/0 વાળા ગ્રાહક શ્રી હરશી આતુ મહેશ્વરી નામના ખેતીવાડી વીજ જોડાણના એરીયર્સની બાકી રકમ રૂ.૧,૨૩,૨૨૬.૭૦ ભરપાઈ કરવાના બાકી છે જે ભરપાઈ થયેથી વીજ જોડાણ ચાલુ કરવામાં આવશે અને વીજ જોડાણ આજદિન સુધી ચાલુ કરેલ નથી.



Scanned by CamScanner

સદર કિસ્સામાં અરજદારના ગ્રાહક નં ૩૮૭૪૪/૦૦૦૮૬/3 ના વીજ બીલ બાકી હોવાથી તેમજ વીજ જોડાણ તા.૧૨/03/૧૮ના ટેમ્પરરી ડીસ્કનેકશન કરવામાં આવેલ અરજદાર દ્વારા સદર ગ્રાહકના વીજ બીલના રૂ.૧0,000/-તા.૧૯/03/૨૦૧૮ ભરપાઈ કરવામાં આવેલ છે.સદર નાણાં પીજીવીસીએલ દ્વારા રી-કનેક્શન ચાર્જ સહીત વીજ બીલના બાકી નાણાં સ્વીકારવામાં આવેલ પરંતુ બાદમાં નાયબ ઈજનેર મુન્દ્રા-૧દ્વારા પત્ર ક્રમાંક નં.મુન્દ્રા-૧સ.ડી./બીલીંગ/૨૦૧૮/૧૪૦૨ તા.૨૦/03/૨૦૧૮ દ્વારા સદર વીજ જોડાણનું રી-કનેક્શન રદ કરવામાં આવેલ છે.આ કેશ નો વિગતવાર અભ્યાસ કરતાં માલુમ પડેલ છે કે જીઈઆરસી સપ્લાય કોડ ૨૦૧૫ની કલમ ૪.30 જે કીસ્સામાં અરજીપત્રકની પ્રક્રિયા કરવાની હોય એવા કિસ્સામાં લાગુ પડે છે સદરહુ કનેક્શન ટેમ્પરરી ડીસ્કનેકશન હોઈ અરજીપત્રકની પ્રક્રિયા કરવાની રહેતી નથી. આ સંજોગોમાં આ ટેમ્પરરી ડીસ્કનેકશન કિસ્સામાં સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ ૪.30 લાગુ પડતી નથી,આથી આ ગ્રાહકનું કનેક્શન રી-કનેક્શન કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.

3.3 અરજદાર શ્રી નારણ પેથા કાનાણી દ્વારા રજી.એડી.થી મુન્દ્રા પેટા વિભાગ -૧ માં તા.૨૭/03/૨૦૧૮ ના નામ બદલી ની અરજી મોકલાવેલ જેના અનુસંધાને નાયબઈજનેર મુન્દ્રા પેટા વિભાગ -૧ દ્વારા પત્ર

નં મુન્દ્રા-૧સ.ડી./બીલીંગ/૨૦૧૮/૧૩૨૮ તા.૨૩/0૪/૨૦૧૮થી જણાવેલ કે શ્રી હરશી આતુ હરીજન ના નામ વાળા ગ્રાહક નં.૩૮૭૧૭/૧00૩૮/0ની વીજ બીલ ની રકમ બાકી હોવાથી નામ બદલી ની કાર્યવાહી હાથ ધરેલ નહીં.જીઈઆરસી સપ્લાય કોડ ૨૦૧૫ કલમ ૪.30 મુજબ "નવા જોડાણ, પુઃજોડાણ વીજ ભારમાં વધારો કે ઘટાડો નામ માં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટેની અરજી,તે જગ્યાના સંબંધિત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદાર ના અધિકાર ક્ષેત્રમાં કોઈ પણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણો ના સંબધમાં કોઈ બાકી રકમ ,ચુકવવામાં આવશે નહિ,ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહી." સદર કિસ્સામાં જે જગ્યા એ નામ બદલીની કાર્યવાહી કરવાની છે એ જગ્યા એ પીજીવીસીએલ ના કોઈ એરીયર્સ પેટે ની બાકી રકમ લેવાની નીકળતી નથી. અજરદાર દ્વારા એટલે કે નવા ગ્રાહકના નામે અન્ય કોઈ જગ્યાએ કે પરવાનેદાર ના અધિકાર ક્ષેત્રમાં એરીયર્સ પેટેની બાકી રકમ રહેતી નથી તેની ચકાસણી કર્યા બાદ નામ બદલી ની કાર્યવાહી કરવી,આથી આ હુકમ કરવામાં આવે છે.અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એ એ[illegible]ાંડલિયા | એન એચ જોષી | જે.બી. પારેખ |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |



Scanned by CamScanner